પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૩૬ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૫૧ | ૨૨ નવેમ્બર, ૨૦૧૬, મંગળવાર ; કારતક વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
13


# ખેડૂતો-વેપારીઓને રોકડ કટોકટીમાં રાહત

## ખેડૂતો ૫૦૦ની જુની નોટમાં બિયારણની ખરીદી કરાશે : રોકડ કટોકટીનો સામનો કરી રહેલા ખેડૂતો માટે વધુ એક પહેલ : ખેતીની સિઝન શરૂ થઇ રહી છે ત્યારે નિર્ણય



નવીદિલ્હી, તા. ૨૧

સરકારે આજે રોકડ કટોકટીનો સામનો કરી રહેલા ખેડૂતો અને નાના કારોબારીઓને મોટી રાહત આપી દીધી હતી. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ કટોકટીનો સામનો કરી રહેલા લોકોને રાહત આપતા સરકારે આજે કહ્યું હતું કે ખેડૂતો ૫૦૦ રૂપિયાની જુની નોટ આપીને પણ બીયાઓની ખરીદી કરી શકશે. સાથે સાથે અન્ય ખરીદી માટે પણ તેઓ જુની નોટનો ઉપયોગ કરી શકશે. આ તમામ ઘટનાક્રમને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સરકારે આપેલા નિર્દેશ મુજબ ખેડૂતો કેન્દ્ર અને રાજ્ય સરકારના જુદા જુદા કેન્દ્રો અને દુકાનોમાં ૫૦૦ રૂપિયાની જુની નોટ આપીને બીયાઓની ખરીદી કરી શકે છે.

આ અંગેના આદેશો આજે જારી કરવામાં આવ્યા બાદ મોટી સંખ્યામાં ખેડૂતોને રાહત મળી શકે છે. આ ઉપરાંત ખેડૂતોને પીએસયુઝ, રાષ્ટ્રીય અને રાજ્ય બીયા નિગમ, કેન્દ્રીય અને રાજ્ય કૃષિ યુનિવર્સિટી અને ભારતીય કૃષિ સંશોધન સંસ્થા (આઈસીએઆર) પાસેથી પણ જુના નોટમાં બીયાની

● અનુસંધાન પાન-૭ પર

## કાનપુર ટ્રેન દુર્ઘટનાનો મૃત્યુ આંક ૧૪૫

કાનપુર, તા. ૨૧

કાનપુર નજીક ટ્રેન અકસ્માતમાં મોતચનો આંકડો વધીને હવે ૧૪૫ ઉપર પહોંચી ગયો છે. જ્યારે ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત હજુ પણ ગંભીર જણાવવામાં આવી છે. તેમને જુદી જુદી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. મોતનો આંકડો હજુ પણ વધી શકે છે. તમામ મૃતકો અને ઘાયલ થયેલા લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. તાજેતરના સમયના સૌથી મોટા ટ્રેન એકસ્માત તરીકે આને ગણવામાં આવે છે.

# નોટબંધીના ૧ ૩માં દિવસે પણ એટીએમમાં ધાંધીયા

## બેંકો ઉપર લોકોનો હજુ ધસારો, એટીએમ બંધ સ્થિતિમાં : એક દિવસના બ્રેક બાદ બેંકો ફરી ખુલતા ઉપાડ માટે લોકોનો અપેક્ષા મુજબ જ જોરદાર ધસારો રહ્યો : સ્થિતિ સુધારવા માટેના પ્રયાસો અપૂરતા પુરવાર

નવીદિલ્હી,તા. ૧૮

બેંકો અને એટીએમ ઉપર આજે પણ ૧ ૩માં દિવસે અંધાધૂંધી જોવા મળી હતી. જો કે, અગાઉની સરખામણીમાં સ્થિતિમાં સુધારો થયો છે. એટીએમ હજુ કામ કરી રહ્યા નથી જેથી અપેક્ષા કરતા ઓછી સ્થિતિ સુધરી છે. નવી નોટો ઉપાડવા માટે આજે લાંબી લાઈનો જોવા મળી હતી. એક દિવસના બ્રેક બાદ બેંકો આજે ખુલી હતી જેથી રોકડ ઉપાડવા અથવા તો જુના બિલોને બદલાવવા માટે લોકોનો ધસારો રહ્યો હતો. મોટાભાગના એટીએમ હજુ પણ નિષ્ક્રિય બનેલા છે. જોરદાર ધસારાના કારણે ઘણી જગ્યાએ એટીએમ ખાલીખમ થઈ ગયા છે. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદથી સ્થિતીને હળવી કરવાના યુદ્ધના ધોરણે પ્રયાસ કરવામાં આવી રહ્યા હોવા છતાં આજે સતત ૧ ૩માં દિવસે પણ લોકોને વધારે રાહત મળી ન હતી. એકબાજુ મોટાભાગના એટીએમ ઉપર કામ થયું ન હતું. બીજી બાજુ બેંકોમાં લાઈનો યથાવત જોવા મળી હતી. પોસ્ટ ઓફિસમાં

● અનુસંધાન પાન-૭ પર




## ઓવરડ્રાફ્ટ, કેશ ક્રેડિટ ધારક ૫૦ હજાર સુધી ઉપાડી શકશે

### એક સપ્તાહમાં ૫૦૦૦૦ ઉપાડવાની મંજુરી રોકડ ઉપાડ સાથે સંબંધિત નિયમો આરબીઆઈએ પણ હળવા બનાવ્યા

નવીદિલ્હી, તા. ૨૧

મોદી સરકારે એક પછી એક પગલા રાહતવાળા લેવાનો દોર જારી રાખ્યો છે ત્યારે આરબીઆઈએ પણ હવે કેટલીક રાહતો આપવાની શરૂઆત કરી દીધી છે જેના ભાગરુપે રોકડ ઉપાડના નિયમોને હળવા કરીને રિઝર્વ બેંકે પણ આજે કહ્યું હતું કે, ઓવરડ્રાફ્ટ અને કેશ ક્રેડિટ એકાઉન્ટ ધારકોને એક સપ્તાહમાં ૫૦૦૦૦ રૂપિયા ઉપાડવાની મંજુરી આપી દીધી છે. અગાઉ વર્તમાન ખાતા ધારકોને એક સપ્તાહમાં ૫૦૦૦૦ સુધી ઉપાડવાની મંજુરી આપવામાં આવી હતી. રિઝર્વ બેંકે આજે માહિતીઆપતા કહ્યું હતું કે, પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. સમીક્ષા દરમિયાન એવો નિર્ણય કરવામાં આવ્યો હતો કે, ઓવરડ્રાફ્ટ અને કેશ ક્રેડિટ એકાઉન્ટ ધારકોને પણ આ સુવિધા મળવી જોઈએ. આવી જ રીતે વર્તમાન ઓવરડ્રાફ્ટ અને કેશ ક્રેડિટ એકાઉન્ટ ધારકોને હવે એક સપ્તાહમાં રોકડમાં ૫૦૦૦૦ રૂપિયા ઉપાડવાની મંજુરી આપી દેવામાં આવી છે. જો કે, સાપ્તાહિક ઉપાડ માટેની વધારવામાંઆવેલી મર્યાદા પર્સનલ ઓવરડ્રાફ્ટ ખાતા ધારકો માટે લાગૂ રહેશે નહીં. રિઝર્વ બેંકે વધુમાં કહ્યું છે કે, ૫૦૦૦૦ રૂપિયાની ઉપાડ ચોક્કસ શરતો સાથે આપવામાં આવનાર છે. ખેડૂતો, નાના કારોબારીઓ, ગ્રુપ સીના કેન્દ્ર સરકારના કર્મચારીઓને પણ અગાઉ રાહત આપી છે. આ ઉપરાંત સંરક્ષણ અને અર્થલશ્કરી દળો, રેલવેના કર્મચારીઓને પણ રાહત આપવામાં આવી હતી.

## આઠ દિવસમાં બેંકમાં ૫.૪૪ લાખ કરોડ જમા થઈ ગયા

### ૧૮મી નવેમ્બર સુધીના ગાળામાં લોકોએ પોતાના બેંક ખાતા અને એટીએમથી ૧,૦૩૩૧૬ કરોડ ઉપાડ્યા છે



નવીદિલ્હી,તા. ૨૧

એટીએમ ઉપર અંધાધૂંધીને ઘટાડવા માટેના પ્રયાસ થઈ રહ્યા હોવા છતાં પુરતા પ્રયાસો હજુ કરવાની જરૂર છે. બીજી બાજુ આઠ જ દિવસના ગાળામાં બેંકોમાં ૫.૪૪ લાખ કરોડની રકમ જમા થઇ ચુકી છે. રિઝર્વ બેંક દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. ૮મી નવેમ્બર બાદથી ૧૮મી નવેમ્બર સુધી બેંકમાં ૫.૪૪ લાખ કરોડ રૂપિયાના જુના નોટ બદલી નાંખવામાં આવ્યા છે અથવા તો જમા કરવામાં આવ્યા છે. રિઝર્વ બેંકે આજે એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે, ૧૦થી ૧૮મી નવેમ્બરના ગાળા દરમિયાન બેંકોના કાઉન્ટર અથવા તો એટીએમ મારફતે ૧૦૩૩૧૬ કરોડ રૂપિયા વિતરિત કરવામાં આવી ચુક્યા છે. સરકાર દ્વારા ૮મી નવેમ્બરના દિવસે ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. આ સુવિધા રિઝર્વ બેંક અને વાણિજ્ય બેંકોની સાથે ક્ષેત્રિય ગ્રામીણ બેંકો અને શહેરી સહકારી બેંકોમાં ઉપલબ્ધ છે. બેંકોના કહેવા મુજબ ૧૮મી નવેમ્બર સુધીના ગાળામાં તેઓએ ૫૪૪૫૭૧ કરોડ રૂપિયાની નોટ જમા કરી છે અથવા તો બદલી છે. આમાથી ૩૩૦૦૬ કરોડ રૂપિયાની નોટ બદલવામાં આવી છે. જ્યારે ૫૧૧૫૬૫ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ ગાળા દરમિયાન લોકોને પોતાના ખાતા અને એટીએમમાંથી ૧૦૩૩૧૬ કરોડ રૂપિયા ઉપાડ્યા છે. નોટ બંધીની જાહેરાત બાદ ૧૦મી નવેમ્બરના દિવસે બેંકો ખુલી હતી. ત્યારથી લઈને હજુ સુધી બેંકોમાં લાંબી લાઈનો જોવા મળી રહી છે. જુની નોટનો ઉપયોગ પેટ્રોલપંપ, ડીઝલ, રેલવે, વિમાની ટિકિટ ખરીદવા, વિજળી પાણીના બિલની ચુકવણી માટે કરવામાં આવી રહ્યો છે.

## નોટ પ્રતિબંધ મામલે સંસદના બંને ગૃહમાં ભારે હોબાળો

### લોકસભા અને રાજ્યસભા ફરી મુલતવી : રાહુલ ગાંધી, માયાવતીના વડાપ્રધાન મોદી ઉપર આકરા પ્રહારો : મોદી પસંદગીના લોકો માટે કામ કરે છે : રાહુલ

નવીદિલ્હી, તા. ૨૧

કેન્દ્ર સરકારના નોટબંધી ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ સંસદના બંને ગૃહોમાં ભારે હોબાળો જારી છે ત્યારે વિરોધ પક્ષોએ આક્રમક વલણ અપનાવ્યું છે. રાજ્યસભામાં ચર્ચા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિની માંગ કરવામાં આવી હતી. જ્યારે વિપક્ષી સાંસદોએ મોદીની સામે વાંધાજનક નારા પણ લગાવ્યા હતા. બીજી બાજુ કોંગ્રેસના નાયબ નેતા રાહુલ ગાંધીએ મોદી ઉપર પ્રહારો કર્યા હતા. ધાંધલ ધમાલના કારણે આજે સતત ત્રીજા દિવસે પણ લોકસભાની કામગીરી હાથ ધરી શકાય ન હતી. આ અગાઉ કામગીરી વારંવાર ખોરવાઈ ગઈ હતી. રાજ્યસભામાં પણ આવી જ સ્થિતિ રહી હતી. ભારે ધાંધલ ધમાલ બાદ

● અનુસંધાન પાન-૭ પર


VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651



ટ્યુશન વગર સર્વશ્રેષ્ઠ પરિણામ આપતી ગુજરાતની એક માત્ર સંસ્થા...
Infocity
JUNIOR SCIENCE COLLEGE
SINCE 2004
HIGHER SECONDARY GUJARATI & ENGLISH MEDIUM SCHOOL
No. 1 School
Management
Teaching
Facilities
Result
ગાંધીનગર જિલ્લામાં સૌથી વધુ A1 Grade આપનારી શાળા
Std.- 12(Sem.-III) Result-2016
ગાંધીનગરમાં પ્રથમ PATEL APURV 483/500 99.99 PR
ACHARYA SANKALP PR 99.98 482/500
SHAH MAHIN PR 99.97 480/500
GORE PREET PR 99.87 476/500
HOTCHANDANI SIMRAN PR 99.81 473/500
PATEL KOSHA PR 99.90 473/500
SHAH ARTH PR 99.89 472/500
PATEL RUTVI PR 99.86 471/500
PATEL HARSHIL PR 99.84 470/500
PATEL JAY PR 99.68 468/500
GIDVANI SUNNY PR 99.72 465/500
PATEL PRATHA PR 99.65 462/500
PRAJAPATI DEVESH PR 99.54 459/500
KRIPALANI CHANCHAL PR 99.54 459/500
JANGID MANISH PR 99.21 457/500
PATEL PURVAM PR 99.02 454/500
A1 Grade મેળવનાર શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન
Contact : (079) 23213032 / 33 Website : www.infocityschool.com, Email : neelraj111@hotmail.com



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225